# Official Spokesperson’s response to media queries regarding participation of third countries in CPEC Projects

# CPEC પરિયોજનાઓનાં તૃતિય દેશોની સહભાગીતા સંબંધિત મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

26 જુલાઈ, 2022

**CPEC પરિયોજનાઓમાં તૃતિય દેશોની ભાગીદારી સંબંધિત મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ કહ્યું હતું કે:**

"અમે કથિત CPEC પરિયોજનાઓનાં તૃતિય દેશોની પ્રસ્તાવિત ભાગીદારી પ્રોત્સાહિત કરવા પરનાં અહેવાલો જોયા છે.

કોઈપણ પક્ષ દ્વારા આવી કોઈપણ કાર્યવાહીઓ ભારતનાં સાર્વભૌમત્વ અને પ્રાંતિય અખંડિતતાનું સીધુ ઉલ્લંઘન કરે છે.

ભારતીય ક્ષેત્રમાં રહેલ અને પાકિસ્તાન દ્વારા ગેરકાનૂની રીતે કબ્જામાં રાખવામાં આવેલ, કથિત CPEC માં પરિયોજનાઓનો ભારત નક્કર અને સાતત્યપૂર્ણ વિરોધ કરે છે.

આવી પ્રવૃત્તિઓ તદ્દન ગેરકાનૂની, ગેરવાજબી અને અસ્વીકાર્ય છે, અને ભારત દ્વારા અનુરૂપ રીતે કાર્યવાહી કરવામાં આવશે.”

**નવી દિલ્હી**
**26 જુલાઈ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.